# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૨૨.૦૩.૨૦૧૯

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહને ગાંધીનગરથી ચૂંટણી લડાવવાના કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના નિર્ણયને આવકારી આનંદ સાથે આભારની લાગણી વ્યક્ત કરતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**રાજ્યભરમાં ભાજપાના કાર્યકરોએ આ નિર્ણયને વધાવતાં ઢોલ-નગારા અને આતશબાજી સાથે ખૂશી વ્યક્ત કરી**

-----------

**કુશળ સંગઠક અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહની ગુજરાતમાંથી ચૂંટણી લડવાની જાહેરાત સાથે જ ભાજપાના કાર્યકરોમાં નવી ઉર્જા, ઉમંગ અને ઉત્સાહનો અનેરો સંચાર થયો છે**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઇ શાહના નામની જાહેરાતથી ગુજરાતની જનતામાં પણ અભૂતપૂર્વ આનંદ અને ઉત્સાહની લાગણી ઉમટી છે જે આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપાને તમામ ૨૬ બેઠકો પર વિજય પ્રાપ્ત કરવામાં ચોક્કસપણે મદદરૂપ થશે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ઈલેક્ટ્રોનિક મીડિયા સમક્ષ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહને ગાંધીનગરથી ચૂંટણી લડાવવાના કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ અને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નિર્ણયને આવકારી આનંદ સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાત પ્રદેશ ભાજપા ચૂંટણી સમિતિએ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડે તેવા આગ્રહ અને વિનંતી સાથે ઠરાવ પસાર કર્યો હતો, જેને ધ્યાને લઇને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી, કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ તથા સ્વયં શ્રી અમિતભાઇ શાહે આ લાગણીનો સહર્ષ સ્વીકાર કર્યો હતો, જે અમારા માટે ખૂબ આનંદની વાત છે.

શ્રી વાઘાણીએ અંતઃકરણપૂર્વક ખૂશી વ્યક્ત કરતા વધુમાં જણાવ્યુ હતુ કે, બૂથના કાર્યકર્તા તરીકે જનસેવાની શરૂઆત કરનાર શ્રી અમિતભાઇ શાહ તેમની મહેનત, વિચક્ષણ બુધ્ધિક્ષમતા અને સંગઠનની કુનેહના આધારે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા છે.

આજે સમગ્ર દેશમાં ભાજપાના રાષ્ટ્રવાદી વિચાર અને જનસેવાના કાર્યોને જન-જન સુધી પહોચાડવા માટે કાર્યરત એવા ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઇ શાહની ગુજરાતમાંથી ચૂંટણી લડવાની જાહેરાત થતાંની સાથે જ ભાજપાના કાર્યકરોમાં નવી ઉર્જા, ઉમંગ અને ઉત્સાહનો અનેરો સંચાર થયો છે તેમજ ગુજરાતની જનતામાં અભૂતપૂર્વ આનંદ અને ઉત્સાહની લાગણી ઉમટી છે જે આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપાને તમામ ૨૬ બેઠકો પર વિજય પ્રાપ્ત કરવામાં ચોક્કસપણે મદદરૂપ થશે. રાજ્યભરમાં ભાજપાના કાર્યકરોએ આ નિર્ણયને વધાવતાં ઢોલ-નગારા અને આતશબાજી સાથે ખૂશી વ્યક્ત કરી હતી.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, આજે કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળવા જઇ રહી છે, જેમાં ગુજરાતની બાકી રહેલ ૨૫ લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
**શ્રી કમલમ્**

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૨.૦૩.૨૦૧૯

-----------

**"હુમલાઓ તો થતાં રહે અને પુલવામાં હુમલામાં પાકિસ્તાન જવાબદાર નથી"**

**આ પ્રકારનું કોંગ્રેસના સામ પિત્રોડાનું નિવેદન એ દેશ માટે આઘાતજનક છે - શ્રી ભરત પંડ્યા**

-----------

**હમેશાં કોંગ્રેસ અને પાકિસ્તાનની ભાષા એક સરખી કેમ હોય છે ?**
**દેશનાં જવાનો પાકિસ્તાનમાં એર સ્ટ્રાઈક કરે છે અને કોંગ્રેસ અહીં કોમામાં કેમ જાય છે ?**
**દેશની જનતા જવાનો માટે ગૌરવ લઈ રહી છે, ત્યારે કોંગ્રેસ શોકમાં કેમ જતી રહે છે ?**
**- શ્રી ભરત પંડ્યા**

-----------

**દેશ માટે આઘાતજનક - દુર્ભાગ્યપૂર્ણ નિવેદન પછી કોંગ્રેસના સામ પિત્રોડા પુનઃ શરમજનક નિવેદન કરે છે કે, હું નેતા નહીં પરંતુ "નાગરિક" બનીને સવાલ પુછ્યો હતો. તો હું તેમને પુછવા માંગુ છુ કે, તેમણે કયા દેશના નાગરિક બનીને સવાલ પૂછ્યો હતો ? શું "પાકિસ્તાનના નાગરિક" તરીકે સવાલ પૂછ્યો હતો ? - શ્રી ભરત પંડ્યા**

-----------

**કોંગ્રેસનાં વિચારો, નિવેદનો, ભાષા એ દેશહિતમાં હોતા નથી - શ્રી ભરત પંડ્યા**

-----------

**દેશનાં જવાનો અને દેશનું અપમાન કરનાર કોંગ્રેસને ગુજરાત કે દેશની જનતા ક્યારેય માફ નહીં કરે - શ્રી ભરત પંડ્યા**

-----------

કોંગ્રેસના નેતા સામ પિત્રોડાનાં નિવેદન સામે તીવ્ર પ્રત્યાઘાત આપતાં ભાજપ પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, "હુમલાઓ તો થતાં રહે અને પુલવામાં હુમલામાં પાકિસ્તાન જવાબદાર નથી" - આ પ્રકારનું સામ પિત્રોડાનું નિવેદન એ દેશ માટે આઘાતજનક છે. તેઓ રાહુલ ગાંધીની થીન્કટેન્ક ગણાય છે અને વિદેશમાં પણ તેમનાં કાર્યક્રમોનાં સંયોજક હોય છે. તેમનું આ પ્રકારનું દેશ વિરોધી નિવેદન એ કોંગ્રેસ અને રાહુલ ગાંધીનાં વિચારો અને ભાષા છે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, દુનિયાનાં દેશો પુલવામા હુમલામાં 'પાકિસ્તાન જવાબદાર છે' તેમ સ્વીકારીને ભારતને સંપૂર્ણ સમર્થન આપી રહ્યાં છે ત્યારે, દેશનો વિપક્ષ-કોંગ્રેસ 'પાકિસ્તાન જવાબદાર નથી' તેમ કહે છે. હમેશાં કોંગ્રેસ અને પાકિસ્તાનની ભાષા એક સરખી કેમ હોય છે ? દેશનાં જવાનો પાકિસ્તાનમાં એર સ્ટ્રાઈક કરે છે અને કોંગ્રેસ અહીં કોમામાં કેમ જાય છે ? દેશની જનતા જવાનો માટે ગૌરવ લઈ રહી છે, ત્યારે કોંગ્રેસ શોકમાં કેમ જતી રહે છે?

કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક વખતે પુરાવા માંગતાં કોંગ્રેસનાં નિવેદનો એ દેશનાં જવાનો અને શહીદોનું અપમાન છે. કોંગ્રેસનાં નિવેદનોનો ઉપયોગ પાકિસ્તાનનાં નેતાઓ - લશ્કર - આતંકવાદીઓ કરે છે અને પાકિસ્તાની મીડિયામાં હેડલાઇન થાય છે તે જ બતાવે છે કે, કોંગ્રેસનાં વિચારો, નિવેદનો, ભાષા એ દેશહિતમાં હોતા નથી. કોંગ્રેસ ભલે તેનાં વિચારો અને વલણ પાકિસ્તાન તરફી રાખે પરંતુ ભાજપના વિચારો, સ્ટેન્ડ અને એક્શન હમેશાં દેશ, જવાનો અને દેશની જનતા તરફી જ છે અને રહેશે.

દેશ માટે આઘાતજનક - દુર્ભાગ્યપૂર્ણ નિવેદન કર્યા બાદ પણ કોંગ્રેસના નેતા સામ પિત્રોડા તેમના નિવેદન પર કાયમ રહીને ફરી શરમજનક રીતે કહી રહ્યા છે કે, તેઓએ કોંગ્રેસના નેતા નહીં પરંતુ "નાગરિક" બનીને સવાલ પુછ્યો હતો. તો હું તેમને પુછવા માંગુ છુ કે, તેમણે કયા દેશના નાગરિક બનીને સવાલ પૂછ્યો હતો ? શું પાકિસ્તાનના નાગરિક તરીકે સવાલ પૂછ્યો હતો ?

દેશનાં જવાનો અને દેશનું અપમાન કરનાર કોંગ્રેસને ગુજરાત કે દેશની જનતા ક્યારેય માફ નહીં કરે તેમ શ્રી ભરત પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૨૨.૦૩.૨૦૧૯

-----------

## આજરોજ "શ્રી કમલમ્" ખાતે ભાજપા આઈ.ટી. અને સોશીયલ મીડિયા વિભાગના રાષ્ટ્રીય સંયોજક શ્રી અમિત માલવીયજીની ઉપસ્થિતિમાં ગુજરાત ભાજપા આઈ.ટી. અને સોશીયલ મીડિયા વિભાગની બેઠક યોજાઈ

-----------

ભાજપા મીડિયા સેલની ખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ભાજપા આઈ.ટી. અને સોશીયલ મીડિયા વિભાગના રાષ્ટ્રીય સંયોજક શ્રી અમિત માલવીયજીની ઉપસ્થિતિમાં ગુજરાત ભાજપા આઈ.ટી. અને સોશીયલ મીડિયા વિભાગની બેઠક યોજાઈ હતી.

આજની આ બેઠકમા અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ અને ગાંધીનગર લોકસભા બેઠકના આઈ.ટી. અને સોશીયલ મીડિયા વિભાગના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા, જેમને શ્રી અમિત માલવીયજીએ આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ.

આજની આ બેઠકમાં પ્રદેશ અગ્રણી શ્રી મહેશ કસવાલા, ગુજરાત ભાજપા આઈ.ટી. અને સોશીયલ મીડિયા વિભાગના સંયોજક શ્રી પંકજ શુક્લા અને શ્રી તરૂણભાઈ બારોટ ઉપસ્થિતિ રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ